SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 41. ઉત્તર ગુજરાતના ભવાઈ વેશોમાં લોકદર્શન

*નિશાબેન ડી. સુતરીયા*

**પ્રસ્તાવના :**

ભારત દેશમાં જેટલા પ્રદેશો છે તેટલા પ્રકારની વિવિધ લોકસંસ્કૃતિઓ આવેલી છે તેમાં દરેક રાજ્ય પાસે પોતાનું ગણી શકાય એવુ તળપદુ લોકનૃત્ય, લોકસંગીત અને લોનાટ્ય જોવા મળે છે. જેમકે, ઉતર પ્રદેશમા 'નવટંકી', રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં 'માચ', બંગાળમા 'જાત્રા', દક્ષિણભારતમાં આવેલા મૈસુર-કર્ણાટક અને આંધ્રમાં 'યક્ષગાન', તમિલનાડુમાં 'તેરકુટૂ', કેરળમાં 'ચાકયાર', આસામમાં 'અંકિયનાટક', મહારાષ્ટ્રમાં 'તમાશા', 'દશાવતાર' કે 'વાસુદેવ', કોંકણમાં 'દશાવતાર', હરીયાણા-પંજાબમાં 'સ્વાંગ' પ્રખ્યાત છે. આજ રીતે ગુજરાતમાં પણ લોનાટ્ય સ્વરૂપે ભવાઇ જોવા મળે છે. તા. ૨૫-૧૨-૨૦૦૧ના રોજ દૂરદર્શન પરથી 'ગાગરમાં સાગર' એ શીર્ષક નીચે દસ્તાવેજી ચિત્ર રજૂ થયું હતું. મિડિયા-માધ્યમ તરીકે ભવાઈ ખૂબ અસરકારક છે. આબાલવૃદ્ધ સૌને મનહૃદય સુધી સ્પર્શ કરવામાં ભવાઈ શ્રેષ્ઠ માધ્યમ તરીકે પુરવાર થઈ છે. ભવાઇમાં 'મા અંબા'ની ભક્તિને કેંદ્રમા રાખી નાટક ભજવવામા આવે છે. આજે પણ અંબાજી ખાતે દર નવરાત્રિએ ભવાઇ દ્વારા 'મા અંબા'ની પૂજા કરવામા આવે છે. અહી શોધપેપરનો હેતુ ઉત્તર ગુજરાતની ભવાઇ વેશોમાં લોકદર્શન વિશેની માહીતી આપવાનો છે.

**ભવાઇ શબ્દની વ્યુત્પતી:**

'નદીનું મૂળ અને ઋષિનું કુળ' શોધવાં જેમ મુશ્કેલ છે, તેમ ભવાઈનો આદિ સ્રોત શોધવો મુશ્કેલ છે. મહિપતરામ નિલકંઠે ઇ.સ. ૧૮૬૬માં આપેલ પુસ્તક 'ભવાઇ સંગ્રહ'માં જણાવે છે કે, 'ભવાઇ' શબ્દ સંસ્કુત મુળ ઉપરથી નીકળ્યો છે 'ભવાઈ' શબ્દ સંસ્કૃતના 'ભાવ' માંથી ઉદભવ્યો છે. તો બીજો અર્થ કે, 'ભવાઇ' શબ્દમાં 'ભવ' એટલે વિશ્વ, જગત; 'આઇ' એટલે માતા. અહી તેને જગતની માતા એટલે કે જગદંબા ગણી છે. ભવાની(માતા)નો વેશ ધારણ કર્યો તેથી તેઓ ભવાનિયા અથવા ભવાયા-ભવૈયા કહેવાયા, પણ તેનો મૂળ અર્થ 'ભવ' એટલે 'થવું', તેને ચતુર્થીનો પ્રત્યય 'ય' લાગે એટલે 'ભવાય' થાય અને એમ બીજાના જેવું રૂપ ધારણ કરવું કે થવું એવો શબ્દપ્રયોગ પ્રચલિત થયો.

**ભવાઈ ની વ્યાખ્યા :**

1) ભવાઈ: ભવ=શંકર, ભવા=પાર્વતી પરથી કે ભાવ = નટ પરથી એક પ્રકારનું લોકનાટ્ય. 'ભવ' એ શિવનું નામ છે. એ પરથી 'ભવાઈ' શબ્દ ઉત્પન્ન થયો હશે. (મહીપતરામ રૂપરામ નીલકંઠ: 'ભવાઈસંગ્રહ'),
2) ભવાઈ: ભાવમાંથી જન્મેલા અને પ્રવેશમાંથી ઉત્પન્ન થયેલા વેશ (ચંદ્રવદન ચીમનલાલ મહેતા),
3) ભવ + આઈ = સંસારની માતા (ત્રિપુરાશંકર ત્રિવેદી),
4) ભવાની + આઈ = શંકર પાર્વતી (હરમણિશંકર મુનશી - ભવાની ભવાઈ પ્રકાશ પૃ-૨),
5) ભવાની + આઈ એટલે ભવાની દેવીની ઉપાસના માટે રજૂ થતું એક પ્રકારનું લોકનૃત્ય. (ડો. સુધા દેસાઈ),
6) 'ભવાઈ' એટલે ભવની વહી: આખા ભવનો ચોપડો, જીવનનું જમા-ઉધારનું પાસું એટલે ભવાઈ.(જયશંકર ભોજક 'સુંદરી'),
7) 'ભવાઈ' એટલે 'ભાવ કરવો', 'વેશ ભજવવો', 'ભાવની ભજવણી', 'ભાવ ભાવવો', 'ભાવની ભવાઈ' અને 'ભવાઈયા એટલે સ્ત્રીનો વેશ લેતા નટ-'(હરિવલ્લભ ભાયાણી),
8) ડૉ. કૃષ્ણકાંત કડકિયાના મતે-ભાવ ઉપરથી ભાવયતિ, એટલે નવી સૃષ્ટિ ઉત્પન્ન કરે તે અને તેના પરથી પ્રાકૃત 'ભવાઈ' શબ્દ બન્યો. (ભવાઈ: સ્વરૂપ અને લક્ષણો પૃ-૫)

**ઇતિહાસ:**

અનુશ્રુતિ મુજબ ચૌદમી સદીમાં હિન્દુસ્તાનમાં અલ્લાઉદ્દીન ખિલજીના રાજ્યકાળમાં જહોન રોઝા નામનો અંગ્રેજ સરદાર દિલ્હીથી કન્નૌજ ઉપર ચડાઇ કરીને ગુજરાત ઉપર ચડી આવ્યો. ઉંઝા ગામના હેમાળા પટેલની દીકરી ગંગાને સિપાહીઓ સરદારના આદેશ મુજબ અપહરણ કરીને છાવણીમાં લઇ ગયા. હેમાળા પટેલ આ ઘટનાથી દુખી થઇને અસાઈત ઠાકરને પોતાની દીકરી ગંગાને બચાવી લેવાની વિનંતિ

કરવા આવ્યા. અસાઈત ઠાકર યજુર્વેદી ઔદિત્ય સહસ્ત્ર બ્રાહ્મણ હતા. અસાઈતના કાને દીકરી ગંગાના અપહરણની વાત આવતાં તેમણે અંગ્રેજ સરદારને પોતાની સંગીતકળાથી ગાઈ-વગાડીને રીઝવીને પોતાની પુત્રી ગણાવીને છોડાવી લાવવાનો વિચાર કર્યો. સંગીતની મહેફિલમાં પ્રસન્ન થયા પછી સરદારે અસાઈતને કંઇક માંગવા કહ્યું. અસાઈતે તેના બદલામાં દીકરી ગંગાને મુક્ત કરવા જણાવ્યું.

સરદારે પૂછ્યું કે આ તમારી દીકરી છે? તો અસાઈતે હા પાડી. તેથી તેણે અસાઈતને દીકરી ગંગા સાથે એક જ થાળીમાં ભોજન લેવાનો આદેશ કર્યો. દરબારમાં તેમણે ગંગા સાથે એક જ થાળીમાં ભોજન લઇને દીકરી ગંગાને મુક્ત કરાવીને પાછા ફર્યા. આ ઘટનાથી રોષે ભરાયેલા સિધ્ધપુરના ચૂસ્ત બ્રાહ્મણોએ અસાઈતને અસ્પૃશ્ય ગણાવી, તેની સજારૂપે તેમને જ્ઞાતિબહાર મૂક્યા. આથી અપમાનિત થયેલા અસાઈતે સિધ્ધપુરથી સ્થળાંતર કરીને પોતાના ત્રણ પુત્રો નારણ, માંડણ અને જયરાજ સાથે ઉંઝા નગરમાં આવીને વસ્યા. ત્રણ પુત્રોના ઘર ઉપરથી તેઓ ’ત્રિઘરાં’ કહેવાયા. એનો અપભ્રંશ થતાં તેઓ ’ત્રગાળા’ કે ’તરગાળા’ રૂપે ઓળખાયા.

‘ભવાઈ’ વેશ ભજવનારી જ્ઞાતિ ઉત્તર ગુજરાતના ઊંઝા, ઉનાવા, ઉમતા, પાટણ, વિજાપુર તરફ રહેતી હતી. તેઓ ‘નાયક’ કે ‘ભોજક’ અટકથી ઓળખાતા હોય છે. આ ઔદિચ્ય-અસાઈત બ્રાહ્મણ અને કણબીની કન્યાના લગ્નમાંથી ઊતરી આવેલી જ્ઞાતિ છે. અસાઇતનો સમય તેમણે રચેલી પદ્યકથા’ હંસાઉલી’ વિ.સં ૧૪૨૭, સને ૧૩૬૦ વર્ષને આધારે નક્કી થાય છે. કે. કા. શાસ્ત્રીએ અસાઇતનો સમય ઈ. સ. ૧૩૨૦-૧૩૯૦ સુધીનો ગણ્યો છે. તેમણે આશરે ૩૬૦ ભવાઇ વેશો લખ્યાની લોકવાયકા છે.

‘બુદ્ધિપ્રકાશ’ના ૧૮૬૦ના ઓગસ્ટ-સપ્ટેમ્બરના અંકોમાં તેની ઉત્પત્તિ વિશે પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેમાં જણાવ્યા પ્રમાણે અસાઇતને ગાયન-વાદનમાં કુશળ ‘મા’ ઉમિયાનો ભક્ત કહ્યો છે. તેનો ઇતિહાસ જરા જુદો પડે છે અને મુસ્લિમ શાસન સાથે અનુસંધાન કરે છે. તેમાં દર્શાવ્યું છે કે અસાઇતે ન્યાતની વિરુદ્ધ જઈ જહાનરોઝ પાસેથી દાન લીધેલું તેથી તેને જ્ઞાતિ દ્વારા બહિષ્કૃત કરવામાં આવેલો, તે ‘ભ્રષ્ટા’ કહેવાયો. તે પરથી ‘ભવાયો’ કહેવાયો અને દેવમંદિરમાં પૂજાપાઠ કરીને પોતાનું ગુજરાન કરવા લાગ્યો એટલે ‘તપોધન’ કહેવાયો. પોતાની તર્કશક્તિથી ઉપનાટકો, ક્ષેપણક, ભાણ, વીથિથી જેવા પ્રકારો અપનાવ્યા, અને તેમાંથી તૈયાર કરી ‘વેશ’ નામ આપી પોતાની તર્કશક્તિથી ભજવવા માંડ્યા. આ બધી પ્રવૃત્તિઓમાં તેનો આખો પરિવાર પણ જોડાયો અને પોતાની તર્કશક્તિને કારણે ‘તર્કાળા’ ને તે પરથી ‘તરગાળા’ કહેવાયા.

**ભવાઈમાં વેશભૂષા :**

ભવાઈમાં ‘રામદેવનો વેશ’ જૂનામાં જૂનો છે. આ ઉપરાંત કજોડાનો વેશ, કાંનગોપીનો વેશ, ઝંડાઝુલણનો વેશ, જસમા-ઓડણનોવેશ, મિયા-બિબિ, મણિયાર, પતઇરાવળ, જુઠણ, છેલબતાઉ, રાજા દેઘણ, બાવાનો વેશ, સઘરાજેસંગ વગેરે વેશ જાણીતા છે.

ભવાઈમાં ‘વેશ’ અને ‘પહેરવેશ’ નજીક નજીક હોય છે. જેવો વેશ હોય તેવો પહેરવેશ પણ પહેરવો પડે. પહેરવેશમાં કપડાં અને ઘરેણાં કે અલંકારો ખૂબ મહત્ત્વનાં છે, કારણ કે પ્રેક્ષકોને યોગ્ય રૂપદર્શન થાય તે માટે રૂપસજ્જા ખૂબ જરૂરી છે. વસ્ત્રો, આભૂષણો, મેકઅપ અને રંગસામગ્રી વગેરેને કારણે જે તે પાત્ર ઓળખાય છે. એનાથી જ એક પણ શબ્દ બોલ્યા વગર નટ-નટી ઓળખાય છે.

ભવાઈમાં વેશભૂષા અને રંગભૂષાને ધ્યાનમાં રાખીને જોઈએ તો નીચે મુજબના વેશો જોવા મળે છે : (૧) ધાર્મિક વેશ, (૨) સ્ત્રીઓના વેશ, (૩) હિન્દુ રાજાઓ તથા ઠાકોર- દરબારોના વેશ, (૪) મુસ્લિમ શાસકો- સૂબાઓના વેશ, (૫) વિવિધ સામાજિક જ્ઞાતિઓનું પ્રતિનિધિત્વ કરતા વેશ, (૬) સાધુ-બાવા તથા ઋષિ-મુનિઓના વેશ અને (૭) સામાન્ય મુસ્લિમ જાતિના વેશ.

બધા વેશોનું નિરીક્ષણ કરીએ તો તેના કથાવસ્તુને આધારે ધાર્મિક, પૌરાણિક ઉપરાંત સામાજિક, ઐતિહાસિક પ્રકારના વેશ પણ હોય છે, જે તેની વિશેષતા છે. આ વેશોનું વર્ગીકરણ કરીએ તો -

1) **સામાજિક વેશો** : જૂઠણ, છેલબટાઉ, કજોડા, મિયાંબીબી-, પઠાણબામણી-, ભક્તાણી, સાધુ, ઝંડાઝૂલણ -, વણજારો, બજાણિયો, દરજી, સરાણિયો, કંસારો, ચોર, કણબી, વાઘરી, મોચી, મણિયારો, કુંભાર, પુરબિયો, ઢંઢ, કાબાકબણ-, બ્રાહ્મણ, અડવો વાણિયો, જોગી -જોગણ, મદારી, પટેલપટલાણી-, શૂરો સામળો કે સટોડિયો વગેરે.

2) **પૌરાણિક વેશો** :રામરાવણનું યુદ્ધ-, રાજા હરિશ્ચંદ્ર, રાજા ભર્તૃહરિ, રાજા ગોપીચંદ, અર્ધનારીશ્વરનો વેશ, કાનગોપીનો વેશ-, રામ-લક્ષ્મણનો વેશ, શંકરપાર્વતી-, પદમણીનો વેશ, મહાદેવનો વેશ વગેરે.

3) **ઐતિહાસિક વેશો** :સમાજમાં ઘટેલી લોકખ્યાત ઘટનાઓ પરના વેશ ટેન્ડા રાજપૂતનો વેશ, સુરાનો વેશ, વિકાનો વેશ, સધરા જેસંગનો વેશ, જસમા ઓડણનો વેશ, મણિબા સતીનો વેશ, રામદેવ પીરનો વેશ, રત્ના હમીરનો વેશ, પતાઈ રાવળનો વેશ.

4) **ધાર્મિક વેશો** :ગણપતિનો વેશ, કાળકાનો વેશ, જોગણીનો વેશ, કાલિનો વેશ, બહુચરજીનો વેશ .

5) **ધાર્મિક : દંતકથામિશ્રિત વેશો-ઐતિહાસિક**-રામાપીરનો વેશ, પાવૈપુરાણનો વેશ, કાનજી મહારાજનો વેશ, પાવૈયાન પતાઈ રાજાનો વેશ, રાજા સિદ્ધરાજનો વેશ, કેરબાનો વેશ, મદારીનો વેશ, જમવેશ વગેરે.

કોઈને ભવાઈના પરંપરિત વેશો દઢ લાગતા હોય તો સાંપ્રત સમયની સમસ્યાઓને કેન્દ્રમાં રાખી નવા નવા વેશ રચી શકાય અને ભવાઈના આ અલબેલા નાટ્યસ્વરૂપને નવે સ્વરૂપે જોઈ-રમી શકાય. આ સંદર્ભમાં જનક દવેએ "એકતાનો વેશ" લખી રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રીય એકતા, જનજાગૃતિ વગેરેની કથા કહી છે. એ જ રીતે "નારીનો વેશ", "જોબનનો વેશ", "શામલીનો વેશ", "જંગલમંગલનો વેશ", "માણસાઈનો વેશ", "રોગનિવારણનો વેશ", "નશો નોતરે નાશ","એઇડ્સ", "આતંકનો વેશ" વગેરે સંખ્યાબંધ વેશો લખી નવા જમાના માટે નવી ભવાઈ રચી આપી છે.

લોકસુધારણા, લોકરંજન કે લોકશિક્ષણ માટે ભવાઈ અજોડ માધ્યમ છે. હમણાં હમણાંથી આકાશવાણી અને દૂરદર્શન પણ ભવાઈનો ઉપયોગ કરવા લાગ્યાં છે. સાક્ષરતા અભિયાન, કુટુંબનિયોજન, નશાબંધી, બેકારીનિવારણ, પ્રધાનમંત્રી સડક યોજના, જવાહર રોજગાર યોજના, હીરા-ઉદ્યોગ વગેરે સરકારી કાર્યક્રમોના પ્રચાર માટે ભવાઈનાં ગીત-સંગીત-નૃત્યનો ઉપયોગ કરાય છે. ટૂંકમાં ભવાઈ લોકદર્પણ છે, એ લોકોનું લોકનાટ્ય છે, એને લોક જ નિભાવે છે, ચલાવે છે અને લોકો જ બગાડે છે. જે પોષતું તે મારતું...

**કાળીનો વેશ:**

**નાયક** : કાળી કે કાળી તમે ક્યાંથી આવ્યાં?

**કાળી** : સરગભુવનના દ્વારેથી મહારાજ.

**નાયક** : તમને ભોગમાં શું જોઈએ?

**કાળી** : ચૂડલો.

**નાયક** : આ સકળ સભામાંથી મળી જશે. બીજું તમારે શું જોઈએ?

**કાળી** : મહારાજ પગમાં પહેરવાનું.

**નાયક** : અહો હો... પાવડી ને કલ્લાં, રમરમાટ ઝમઝમાટ- મા અમારા ભાગ્યમાં હશે તો મળી જશે.

ભવાઈમાં કાળીવેશ તો ખરો, પણ બીજો કાળકાનો વેશ પણ હોય છે. કોઈને લાગે કે બંને વેશ એક જ હશે, પણ બંને તદન જુદા જુદા છે. પ્રથમ વેશ તે શરૂઆતમાં ગણપતિના વેશ પછી તરત જ આવે છે અને આ વેશ ધાર્મિક વિધિના વેશો પૈકીનો એક ગણવામાં આવે છે. કાળકાના પાત્રનો બીજો વેશ તે પતાઈ રાવળના વેશ સાથે સંકળાયેલો છે અને પાવાગઢનાં મહાકાળીના ઇતિહાસ સાથે સંબંધ ધરાવે છે. આ કાળકાના વેશમાં આવતા કાળકાના પાત્રની વેશભૂષા પેલા કાળીના વેશ કરતાં તદ્દન જુદી અને અદ્ભુત હોય છે. આ કાળકાના વેશમાં ભભકાદાર લાલ રંગની ચમકતા બોર્ડરવાળી સાડી, બ્લાઉઝ, ઘેરદાર ઘાઘરો પહેરેલાં હોય છે. ગળામાં નેકલેસ, કાને કુંડળ, હાથે ચૂડલો, નાકમાં ચમકતી ચૂની અને પગે ઘૂઘરીવાળાં સાંકળાં પહેરેલાં હોય છે, જે કાળકાના નૃત્ય દરમિયાન પગની ગતિ પ્રમાણે રણઝણે છે. કાળકાના બંને હાથમાં સળગતી જ્યોતવાળી માટીની હાંડલી હોય છે, કેટલાક પ્રયોગોમાં એક હાથમાં હાંડલી અને બીજા હાથમાં તલવાર હોય છે. આ કાળકાની રંગભૂષામાં આખા લલાટે કુમકુમ કરવામાં આવે છે. લાલ ચટક હોઠ, નકલી લગાડેલી લાલ લાંબી જીભ નાનાં છોકરાંને ભય પમાડે તેવી હોય છે. આ વેશ પ્રેક્ષકોમાં ઊંડી અસર કરી પ્રભાવ જન્માવે છે. કાળકાનો આ વેશ અદ્ભુત દશ્ય ધરાવતા વેશોમાંનો એક ગણાય છે.

સામાન્ય પ્રજાના વેશોની વાત કરીએ તો અસાઇતના સમયમાં જે પ્રકારના વેશ હશે તેની મૂળ શૈલીમાં આજે ખાસ ફેરફાર થયા નથી. આજે ઉત્તર ગુજરાત ભવાઈ મંડળમાં જૂના વખતની વેશભૂષા ચાલતી આવી છે તે જ ચાલે છે. દા.ત. ગણપતિનો વેશ જોઈએ તો એ જ આવણું ગવાય છે. વેશભૂષા અને આભૂષણો એ જ વર્ણવાય છે.

**રીતભાત:**

કોઈ પણ સમાજના લોકજીવનનું પ્રતિબિંબ ભવાઈમાં ઝિલાય છે. ભવાઇમા બધા પાત્રો પુરુષો દ્વારા જ ભજવવામા આવે છે. જેમા સ્ત્રી પાત્રો પણ પુરુષો જ ભજવે છે. તેમા પરંપરાગત પોશાકો, ભાતીગળ ભાષાશૈલી અને સ્થાનિક કથાવસ્તુ પર ધ્યાન આપવામા આવે છે. ભવાઇમા મુખ્યત્વે ભુંગળ, તબલાં, ઝાંઝ, ઢોલક, મંજીરા અને સારંગી વગેરે વાજિંત્રો વપરાય છે. ભવાઇ મોટેભાગે ખુલ્લા મેદાનમાં અથવા નાનાચોક જેવી જાહેર જગ્યાએ ભજવવામા આવે છે. ભવાઇનુ પેડુ હોય. એમાં નવનો સમુહ હોય: વેશ શીખવનાર વેશગોર, મૂછબંધ(પુરુષ)નો પાઠ કરનાર-મુખ્ય નાયક-ઉપનાયક-પ્રતિનાયક એમ કુલ ત્રણ, કાંચળીયા (સ્ત્રી) નો પાઠ કરનાર મુખ્યનાયિકા-ઉપનાયિકા-પ્રતિનાયિકા એમ કુલ ત્રણ, એક ડાગલો(ભાથી, મશ્કરો), બે ભુંગળીયા, એક પખવાજી (તબલચી), વેશભજવણી માટેની વસ્તુઓ હાજર રાખનાર એક પડપડીયો (કામગરો).

**ઉત્તર ગુજરાતનું ભવાઇમાં પ્રદાન:**

ભવાઇનો મુખ્ય ઉપયોગ અન્યાય, સ્ત્રીનો દરજ્જો, સમાજીક અસમાનતા, અંધશ્રધ્ધા અને જાતિવાદ જેવી સમાજિક અને અન્ય બાબતો પ્રત્યે જાગૃતિ ફેલાવવામા થાય છે. ભવાઇનુ ઉદ્ભવ સ્થાન ઉત્તર ગુજરાત ગણાય છે, ત્યારે ભવાઇનુ નામ પડતાં પ્રથમ નામ અસાઇત ઠાકરનું યાદ આવે, તેઓનુ પ્રદાન સૌથી મોટુ અને પ્રથમ ગણાય છે. ત્યારબાદ ભવાઇના વિકાસમાં મહત્વનો ફાળો આપનાર ઉત્તર ગુજરાતના વતની અમૃત નાયક, પ્રાણસુખ નાયક, જયશંકર સુંદરી, બાપુલાલ નાયક વગેરે કલાકારોએ ભવાઇનાવેશ ભજવવામા સીમાચિહ્નો સ્થાપીને ગુજરાતી રંગભૂમીના ઈતિહાસમાં પોતાના નામો સુવર્ણ અક્ષરે અંકાવી દિધા છે. ભવાઇકલા જ્યારે મ્રુત:પાય અવસ્થામાં અંતિમશ્વાસ લઇ રહી હતી ત્યારે પ્રાંતિજ તાલુકાના ઘડી ગામના અદના કલાકાર રતિલાલ નાયક કલા સંસ્કુતિને જીવંત રાખવા ઘણી મથામણ કરેલ. સમગ્ર જીલ્લામાં આજે તેમની ફક્ત એક જ ભવાઇ લોક નાટક રંગ મંડળી કાર્યરત છે. સને ૧૯૮૨થી તેઓ નાયક રંગમંચ સંકુલ નામની સરકાર માન્ય કલા સંસ્થા ચલાવી રહ્યા છે. તેઓના હસ્તે લખાયેલ 'ભવાઇ અંશ' લોકન્નાટ્ય ટુંક સારમાં 'સંપૂર્ણ રામાયણ' જે પુસ્તકને સરકારની નાટ્યકલા સંસ્થા દ્વારા સમર્થન મળતા આ નાટક ચાલીસેક કલાકારો સાથે રંગમંચ ઉપર તેની ઉજવણી કરેલ.

**ઉપસંહાર:**

ઉત્તર ગુજરાતના સમાજની આગવી એક તસવીર ઊભરી આવે છે. રંગલો-રંગલીનાં પાત્રો આવીને જે-તે કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી ભવાઈના માળખાનો ઉપયોગ કરે છે. ભવાઈનું બંધારણ ખરેખર લોકશિક્ષણ માટે રામબાણ છે. સમાજ શિક્ષણના સંદર્ભે આ અલગ અલગ વેશ ઉલ્લેખનીય છે. ભવાઇનું વાચિક ગેય પદ્યમાં તેમજ ગદ્યમાં પણ હોય છે. ત્યારે ભવાઇએ લોકજીવનના તાણા-વાણા સાથે વણાઇ ગઇ હતી અને પોતાની અનોખી છાપ સાથે મુક્ત પણે વિહરતી હતી અને જેને શાસ્ત્રકારો એ 'ભાવપ્રધાન નાટકો' કહ્યા છે. ૭૦૦ વર્ષ જૂની આ પરંપરા હાલમાં જેની પરિસ્થિતિ એવી થઇ છે કે જે વિસરાઇ રહી છે જેને ઉજાગર કરવાની તાતિ જરુરિયાત છે.

**પાદટીપ / સંદર્ભ પુસ્તકો :**


1. રતિલાલ નાયક'ભવાઇની વહી' ગુજરાતનાં લોકનાટ્ય ,
2. દિનકર ભોજક, ઉત્તર'ગુજરાતની લોકકથા અને ભવાઇકથા'
3. ડૉ ,મહેતા .હાર્દિક ડી .'સમાજ શિક્ષણનું દર્શન 'ભવાઈ :
4. નાથાલાલ ગોહિલ ,'ગુજરાતી લોકસાહિત્યનો સાંસ્કૃતિક વૈભવ'
5. ડૉ ,શ્રીમતી સ્વાતિ અજય મહેતા .'ભારતીય નૃત્યવૈભવ'
6. પાયલ દેસાઇ ,'ઉત્તર ગુજરાતની ભવાઇકલા', Vol. 9, Issue: 1, January: 2021(IJRSML) ISSN: 2321-2853
7. ગુજરાતી લોકનાટય ભવાઈના જનક અસાઈત ઠાકર ગુજરાત સમાચાર-Nov 8th, 2017